



# ત્રણ ફેબ્રુઆરી ૧૯૫૨ : આધ્યાત્મિક ઉત્ક્રાંતિ દિન !





**વીસમી** સદીના વર્ષ ૧૯૫૨નો ફેબ્રુઆરી માસ મનુષ્યની અધ્યાત્મયાત્રા અને વિશેષતઃ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે એક અદ્વિતીય ઉત્ક્રાંતિનો માસ છે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઈતિહાસમાં પણ આ માસની ત્રીજી તારીખનું સ્વર્ણિમ સ્થાન છે.

ભારતીય દર્શન અને સાધનાનાં મૂળ લક્ષ્ય સદ્-ચિદ્-આનંદની પ્રાપ્તિ – એટલે કે બ્રહ્મની પ્રાપ્તિ, કે અખંડ સાક્ષાત્કાર રહ્યાં છે. મનુષ્યની આધ્યાત્મિક યાત્રાનાં અંતિમ ધ્યેય પણ એક યા બીજા શબ્દોમાં આ જ પ્રાપ્તિની શોધમાં સાર્થકતા સમજાવે છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કેન્દ્રવર્તી સિદ્ધાંત પણ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવામાં સદ્-ચિદ્-આનંદની અનુભૂતિનાં પ્રતિપાદન કરે છે. આ દિવ્ય અને પરમ અલૌકિક સ્થિતિની પ્રાપ્તિ માટે બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વના સાંગોપાંગ ધારક પ્રગટ સાકાર મનુષ્ય દેહધારી બ્રહ્મસ્વરૂપ સંતની પ્રાપ્તિ, ઓળખાણ, સ્વીકાર અને તેઓ પ્રતિ જીવન અને મનનાં સમર્પણ અનિવાર્ય છે.

શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના પહેલામાં ઉદ્‌બોધ્યા મુજબ ‘ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી’ તેનાથી અધિક કઠણ કોઈ સાધન નથી અને તેનાથી અધિક મોટી કોઈ પ્રાપ્તિ પણ નથી. આ સાધન અને પ્રાપ્તિ પછીથી દ્વિતીય ક્રમાંકે કોઈ અલભ્ય પ્રાપ્તિ હોય તો આ પૃથ્વી પર પ્રગટ એવા મનુષ્ય દેહધારી ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ, ઓળખાણ અને સ્વીકાર છે !



ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૨માં અક્ષરતીર્થ ગોંડલ સ્થિત મંદિરમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની કૃપા અને સંકલ્પે દાદુકાકાશ્રીને જે સમાધિ લાધી અને તે દ્વારા પ્રભુના સાક્ષાત્કાર પામી જે દર્શન પ્રાપ્ત થયું તેના જ સુફલ રૂપે તેઓશ્રીએ છડેચોક બૃહદ સત્સંગસમાજને યોગીજી મહારાજ રૂપે વિચરતા ભગવાનના પ્રગટ અને સાકાર સ્વરૂપની ઓળખાણ કરાવી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને વિશ્વના અધ્યાત્મપંથી સર્વ મુમુક્ષુઓ માટે આ સાક્ષાત્કાર અને યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન એ એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિ હતી; અધ્યાત્મસાધનાનાં પરિમાણ બદલનારી એક મહાપ્રગતિ હતી !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની કૃપાશિષથી દાદુકાકાશ્રીને જે સાક્ષાત્કાર થયો તેણે કાકાશ્રીના જીવનની પ્રત્યેક પળ યોગીમય યોગીરૂપ બનાવી; તેઓ સ્વયં પ્રભુના દિવ્ય તત્ત્વના ધારક સત્પુરુષ રૂપે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જ્યોતિર્ધર બની રહ્યા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં દાદુકાકાશ્રીના સાક્ષાત્કારની દિવ્ય ઘટના આધ્યાત્મિક મહાપ્રગતિની અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મર્માર્થની દ્યોતક હતી. એક ભલા સાધુરૂપે વંદનીય યોગીજી મહારાજ રૂપે પ્રભુનું સાકાર પ્રગટ સ્વરૂપ આ પૃથ્વી પર વિચરે છે, તે વિચાર અને દર્શનમાત્રે સંતો, સાધકો અને મુમુક્ષુઓની દૃષ્ટિ અને જીવનમાં દિવ્યતા પ્રગટી. વળી, યોગીજી મહારાજ રૂપે પ્રગટ ભગવાનના સ્વરૂપમાં નિર્દોષબુદ્ધિએ જીવન અને મન સમર્પણ કરનારા સૌ પ્રભુસ્વરૂપ થયા, જંગમ મંદિર બની રહ્યા એ ઈતિહાસને આપણી પેઢીએ રચાતો જોયો, માણ્યો છે તે આપણાં મહા મંગલકારી સદ્‌ભાગ્ય છે !

આજે સાહેબજી રૂપે પ્રગટ સંત સ્વયં ભગવંત સ્વરૂપ છે અને એવા જ સર્વ ગુણાતીત સંતો પ્રભુસ્વરૂપો છે તેવા માહાત્મ્યમાં આબાલ-વૃદ્ધ સત્સંગ-સાધુ સમાજ સહજ જીવે છે તેના પાયામાં બ્રહ્મસ્વરૂપ દાદુકાકાશ્રીએ યોગીજી મહારાજના સંકલ્પ અને કૃપાશિષ દ્વારા આણેલી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું દ્યોતક દર્શન છે ; એ દર્શનના જયઘોષ કરતી કાકાશ્રીની સમ્યક્ નિર્દોષબુદ્ધિએ યુક્ત અપ્રતિમ તપસ્યા છે. એ અદ્વિતીય તપસ્યાના તપોબળથી ખીલેલા સંતો, વ્રતધારી સંત બહેનો, વ્રતધારી સંત યુવાઓ અને એકાંતિક ગૃહસ્થોના ગુણાતીત સમાજનાં આપણે સૌ સંતાનો-વારસદારો બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ અને કાકાજી મહારાજના અનંતકાળ પર્યંત ઋણી રહીશું.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઈતિહાસના યથાર્થ અને સંપૂર્ણ આલેખ થશે ત્યારે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની દિવ્ય જીવનદૃષ્ટિ અને અધ્યાત્મકાર્યને આલેખતા ઈતિહાસ સ્વયં પણ ગદ્‌ગદભાવે નતમસ્તક થશે !

આ ક્ષણે આવો, આપણે ગુરુદેવ યોગીજી મહારાજ અને કાકાશ્રીના ચરણે નત મસ્તકે ધન્યભાવે સાષ્ટાંગ પ્રણામ ધરીએ ! ◆

~ સાધુ મનોજદાસ